**કેસ નં. ૧૪૪૦૦/૨૦૨૦**

**આંક ૧ અન્વયે હુકમ**

આ કામના આરોપીઓ (૧) વિજય મનુભાઈ માળી (૨) હીતેશભાઈ દિનેશભાઈ માળી વિરૂધ્ધ ત.ક. અધિકારીએ તપાસના અંતે ઈ.પી.કો. કલમ ૨૬૯, ૨૭૦ મુજબના ગુના સબબની ચાર્જશીટ રજુ કરેલ છે. ચાર્જશીટનું સંજ્ઞાન લઈ આરોપીઓને સમન્સ કાઢતાં, તે સમન્સ આરોપીઓને બજી જતાં, તેઓ અદાલત સમક્ષ હાજર થયેલ છે. આરોપીઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. આરોપીઓએ પોલીસ પેપર્સની નકલોનો અભ્યાસ કર્યા બાદ, આરોપીઓની સી.આર.પી.સી. કલમ ૨૫૧ અન્વયે પ્લી નોંધતાં તેણે સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. તેણે અલગથી ગુનો કબુલાત કરતી પોતાની સહી કરી પુરસીસ પણ રજુ કરેલ છે.

આરોપીઓની ગુના કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાઈ આવે છે. આરોપીઓ સ્વેચ્છાએ પોતાનો ગુનો કબુલ કરતા હોવાથી અને તેની ગુના કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાવતા હોવાથી, તેની ગુના કબુલાત સ્વીકારવામાં આવે છે અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:હુકમ:-**

આ કામના આરોપીઓ (૧) વિજય મનુભાઈ માળી (૨) હીતેશભાઈ દિનેશભાઈ માળી ને સી.આર.પી.સી.ની કલમ ૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ ૨૬૯, ૨૭૦ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે.

સજા અંગે સાંભળ્યા. આરોપીઓએ પોતે અનિવાર્ય કારણસર બહાર નીકળેલાનું અને પોતાને કોઈ ગુનો કરવાનો ઈરાદો ન હોવાનું જણાવેલ છે. તેણે ભુલથી માસ્ક પહેર્યા સિવાય બહાર નીકળેલાનું જણાવેલ છે. તેની સ્વૈચ્છિક ગુના કબુલાતના આધારે તેમજ આ ગુનો પ્રથમ ગુનો હોવાથી કાયદામાં નિર્દિષ્ટ પુરેપુરી સજા નહી પરંતુ તેને ઓછામાં ઓછી સજાનો હુકમ કરવાનું યોગ્ય જણાય આવે છે અને સજા અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:હુકમ:-**

આ કામના આરોપીઓ (૧) વિજય મનુભાઈ માળી (૨) હીતેશભાઈ દિનેશભાઈ માળી ને ઈ.પી.કો. કલમ ૨૬૯, ૨૭૦ મુજબના ગુનાના તહોમત સબબ તેની ગુના કબુલાત પુરસીસના

આધારે તેને ક્રિ.પો. કોડની કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે. સજા અંગે સાંભળવા યોગ્ય જણાય છે.

સજા અંગે સાંભળ્યા.

આરોપીઓ તેની રજુઆતમાં જણાવે છે કે, તે અનિવાર્ય કારણોસર બહાર નીકળેલ તેનો ગુનો કરવાનો કોઈ ઈરાદો ન હતો. તેનાથી અજાણતા ભુલ થયેલ છે. તે હવે પછી ધ્યાન રાખશે. આવી કોઈ ભુલ દહોરાવશે નહી. તેના પર તેની તથા તેના કુટુંબના ભરણ પોષણની જવાબદારી છે. તેને આ ગુનામાં કેદની સજા નહી કરવા તેણે રજુઆત કરેલ છે અને ઓછામાં ઓછો દંડ કરવા રજુઆત કરેલ છે. એ.પી.પી.શ્રીને સાંભળ્યા. તેઓ તેમની રજુઆતમાં જણાવે છે કે કોરોના વૈશ્વિક મહામારી હોવા છતાં પોતાની જાતને તથા અન્યને ચેપ લાગવાની શકયતા હોવા છતાં આરોપી બેદરકારી પુર્વક વર્તેલ હોવાથી તેને મહત્તમ સજા કરવી જોઈએ.

બંનેની રજુઆત ધ્યાને લીધી. સજા અંગેની જોગવાઈ ધ્યાને લીધી. આ કામે આરોપીઓ સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોય, અને આ તેનો પ્રથમ ગુનો હોવાથી કાયદામાં નિર્દિષ્ઠ પુરેપુરી સજા નહી પરંતુ તેને ઓછી સજા કરવી યોગ્ય જણાય છે. સજા અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:હુકમ:-**

આ કામના આરોપીઓ પ્રત્યેકને (૧) વિજય મનુભાઈ માળી (૨) હીતેશભાઈ દિનેશભાઈ માળીને ઈ.પી.કો.કલમ ૨૬૯ તથા ૨૭૦ મુજબના ગુના સબબ રૂા. ૧૦૦/- (અંકે રૂા. સો પુરા)ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીઓને કુલ દંડ રૂા. ૨૦૦/-(અંકે રૂા. બસો પુરા) આરોપીઓ જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેણે દિન ૭ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

***તા. ૧૦/૦૭/૨૦૨૧.***
***વડોદરા.***

***(પીયૂષ એ. પટેલ)***
***૦૮માં એડી. સિનીયર સીવીલ જજ અને***
***એડીશનલ ચીફ જયુડી.મેજી.***
***વડોદરા.( કોડ નં. જીજે૦૦૮૦૩)***